# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૧/ક્વા-૨/૨૧-૨૨/૫૧૨૭-૨ તા.૦૩-૦૯-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૧૧/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : મહેશ હમીરભાઈ ઝાલા ગામ: રાયસંગપર
પેટા વિભાગીય કચેરી : સરા
રજૂઆત કરનાર : અરજદાર મહેશ હમીરભાઈ ઝાલા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - હળવદ
રજૂઆત કરનાર : શ્રી એ. આર. કોરડીયા કાર્યપાલક ઈજનેર અને શ્રી કે.ડી.ઝાલા - કા.વા. અધિક્ષક હિસાબનીશ પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – હળવદ હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી – મોરબી
તારીખ: ૨૫-૦૮-૨૦૨૧ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫-૦૮-૨૦૨૧ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ સરા પેટાવિભાગીય કચેરી હેઠળ હમીરભાઈ કાળાભાઈ ઝાલા નામે તા.૩૦/૦૩/૧૯૯૨ થી ૧૦ હો.પા. નું ખેતીવાડી વીજજોડાણ ગ્રા.નં.૭૨૮૪૫/૦૧૦૧૫/૦ થી ધરાવે છે. અરજદાર દ્વારા તા.૦૨/૧૧/૨૦૧૦ ના રોજ હયાત લોડ ૧૦ હો.પા. માંથી ૧૫ હો.પા. (૦૫ હો.પા.નો લોડવધારો) નો લોડ વધારો કરાવેલ છે. સદર વીજજોડાણમાં પી.જી.વી.સી.એલ.ની કચેરી દ્વારા તા.૦૧/૦૯/૨૦૧૨ થી લોડ ૧૫ હો.પા. માંથી ૧૦ હો.પા. કરી લોડ ઘટાડી નાખેલ છે જેની જાણકારી અરજદારને કરાયેલ નથી.

૨.૧ તા.૦૧/૦૨/૨૦૧૬ માં ચેકિંગ આવેલ ત્યારે પણ સલગ્ન કચેરી દ્વારા જાણ બહાર લોડ ૧૦ હો.પા. માંથી ૧૫ હો.પા. લોડ વધારી દીધેલ છે. જે બાબત અંગે અરજદાર દ્વારા પુછપરછ કરવામાં આવતા જેતે અધિકારીએ રૂ.૪૩૦૦૦/- દંડ પેટે ભરપાઈ કરવાનું કહેલ તેથી અરજદાર દ્વારા વીજજોડાણ ચાલુ રાખવા માટે સદર રકમ ભરપાઈ કરી આપેલ.

૨.૨ સદર જોડાણ મીટર વગરનું હોવાથી અરજદાર સરા પેટાવિભાગીય કચેરી ખાતે બાકી રકમની માહિતી મેળવી ભરપાઈ કરી આપે છે. વધુમાં તા.૦૨/૧૨/૨૦૨૦ ના રોજ અરજદાર દ્વારા વીજબીલની બાકી રકમની માહિતી મેળવી રૂ.૬૦૦૦/- ભરપાઈ કરીને બધો હિસાબ ચૂકતે કરેલ. ત્યારબાદ પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા ફરી રૂ.૧૩૪૫૮/- વધારાના ભરપાઈ કરવા જણાવેલ.

૨.૩ સદર રકમ બાબતે અરજદાર દ્વારા જેતે અધિકારીને પૂછવામાં આવતા અરજદારને સંતોષકારક જવાબ મળેલ નહિ. વધુમાં અરજદાર જણાવે છે કે તેઓ દ્વારા સદર બાબતે ૯ (નવ) વખત રૂબરૂ પુછતાછ કરેલ છે તેમજ ડિસે-૨૦૨૦ માં અરજદાર દ્વારા તમામ ભરણું ભરપાઈ કરી આપેલ છે.

૨.૪ પી.જી.વી.સી.એલ. દ્વારા ઉપરોક્ત રકમ રૂ.૧૩૪૫૮/- ભરપાઈ કરવા બાબતે હેરાન કરવામાં આવે છે સદર બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા કોઈ પ્રકારનો સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી તેમજ કચેરીમાંથી એવું કહેવામાં આવે છે કે "ચોપડે ચડેલું લેણું ભરપાઈ કરવું જ પડશે. તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ અને છેલ્લે તા.૧૮/૭/૨૦૨૧ ના રોજ ૧૦ દિવસની મુદતમાં લેણું ભરપાઈ કરવામાં ન આવે તો વીજજોડાણ કાપવાની ધમકી આપવામાં આવે છે.

૨.૫ અરજદાર જણાવે છે કે સદર બાબતે કર્મચારીઓ તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ વીજજોડાણ કાપવા માટે આવે છે ત્યારે અરજદાર દ્વારા કારણ પૂછતા જવાબ મળે છે કે "શેના બાકી છે એ અમોને ખબર ન હોય – બાકી રકમ બોલે છે તો ભરવા પડે નકર દોરડું કાપી જઈએ છીએ." અરજદાર વધુમાં જણાવે છે કે તેઓ દ્વારા ત્રીજા મહિનામાં પણ કચેરીમાંથી આવું કહેલ પણ ત્યારે એવું પણ કહેલ કે વીજજોડાણ કાપવાની જરૂર નથી. તમારો પ્રશ્ન સોલ્વ થઈ જશે અને હાલ કચેરીમાંથી રકમ ભરપાઈ કરવા માટે દબાણ કરવામાં આવે છે.

૨.૬ અરજદાર દ્વારા ફોરમ સમક્ષ નીચે મુજબની રજૂઆત ધ્યાને રાખી ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

(૧) અમારા દ્વારા ૧૦ હો.પા. માંથી લોડ વધારો કરવી ૧૫ હો.પા. નો કરાવેલ હતો.પરંતુ ફરીથી અમારી જાણ બહાર ૧૫ હો.પા. માંથી ૧૦ હો.પા. કેવી રીતે થયું.

(૨) ફરીથી તેઓનું વીજજોડાણ ૧૦ હો.પા. માંથી ૧૫ હો.પા. અમારી જાણ બહાર કેવી રીતે થયું.

(૩) અમારા દ્વારા કાયદેસરના બીલ ભરવા છતા અધિકારીઓ દ્વારા થયેલ ભૂલનો દંડ વારંવાર કેવી રીતે ભરપાઈ કરી શકીએ.

સદર બાબતોને ધ્યાનમાં રાખી યોગ્ય હુકમ થવા તેમજ નામદાર ફોરમ દ્વારા નિર્ણય ન આવે ત્યાં સુધી દંડનીય કાર્યવાહી ન કરવા તથા વીજ જોડાણ ચાલુ રાખવા બાબતે અરજદારની રજૂઆત છે

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે હળવદ વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતા સરા પેટા વિભાગીય કચેરીના અરજદારશ્રી દાનાભાઈ કાળાભાઈ (ગ્રાહક નં ૭૨૮૪૫/૦૧૦૧૫/૦) ને નવા રાયસંગપર ગામે તેના સીમ સર્વેમાં પિયત કરવા માટે ૧૦ હો.પા.નુ **A-1** ટેરીફનુ ખેતીવાડી વીજજોડાણ તારીખ ૩૦.૦૩.૧૯૯૨ ના રોજ આપવામાં આવેલ હતુ,

3.૧ સદર વીજકનેક્શન ડીસેમ્બર-૨૦૧૮ માં શ્રી દાનાભાઈ કાળાભાઈ માંથી અરજદારશ્રી હમીરભાઈ કલાભાઈ હરીજન નામે નામ બદલી કરવામાં આવેલ છે.

૩.૨ ત્યારબાદ સદર વીજકનેક્શનમાં ગ્રાહક દ્વારા તા.૦૨.૧૧.૨૦૧૦ ના રોજ ૧૦ હો.પા. +૫ હો.પા.=૧૫ હો.પા. નો લોડ વધારાની અરજી અન્વયે લોડ વધારો કરાયેલ હતો.

૩.3 કોઈ કારણસર સીસ્ટમમાં માહે જુલાઈ ૨૦૧૨ માં પાછો લોડ ઘટાડો આપમેળે (૧૫ હો.પા. -૫ હો.પા. = ૧૦ હો.પા.) થઇ ગયેલ હતો.જે બાબતથી ઓફીસ કર્મચારી અજાણ હતા.

૩.૪ સદર ગ્રાહકના વીજ સ્થાપનમાં તા.૦૩.૧૦.૨૦૧૫ રોજ થયેલ વીજચેકિંગ દરમ્યાન ૨૦ હો.પા. નો વપરાશ માલુમ પડેલ હતો તે સમયે સદર કનેક્શન દાનાભાઈ કાળાભાઈ ના નામે હતું. જે તે સમયે તેમના દ્વારા ચેકિંગ અધિકારીને તેઓએ આ વીજકનેક્શનમાં ૫ હો.પા. નો લોડ વધારો માંગી ૧૫ હો.પા. કરાવેલ હોવાની રજૂઆત અન્વયે સદર બાબતની જાણ થયેલ હતી. ચેકિંગ અધિકારી દ્વારા જેની ઓફીસ રેકોર્ડ સાથે ખરાઈ કરી ૧૫ હો.પા. + ૫ હો.પા. =૨૦ હો.પા.ની લોડ વધારાની ચેકીગ શીટ **MRCH** ૯૪૦૬ ભરેલ હતી. તેમજ સદર બાબતની ગ્રાહકને સમજણ આપેલ હતી.

૩.૫ ત્યારબાદ ઓફીસમાંથી અરજદારને વધારાના ૦૫ **H.P** નું લોડ વધારાનું રૂ.૨૪૦૦૦.૦૦ નુ પૂરવણી બીલ આપવામાં આવેલ હતું તેમજ માહે જુલાઈ ૨૦૧૨ થી માહે નવેમ્બર ૨૦૧૫ સુધીના સમયગાળા માટે ૧૦ હો.પા. +૦૫ હો.પા. =૧૫ હો.પા. તફાવતના એનર્જીબીલની રીકવરી પેટે રૂ.૧૩૪૫૮.૪૦ તેમજ બાકી બીલ પેટે રૂ.૬૧૪૧.૬૦ એમ કુલ રૂ.૪૩૬૦૦.૦૦ રૂપિયા ભરવા જણાવેલ હતું જે રકમ ગ્રાહક દ્વારા નીચે મુજબ રકમ ભરપાઈ કરેલ છે.

- તા.૨૭.૦૬.૨૦૧૬ રૂ.૪૬૦૦.૦૦
- તા 30.0૬.૨૦૧૬ રૂ.30000.00
- તા.૦૫.૦૭.૨૦૧૬ રૂ.૯૦૦૦.૦૦

૩.૬ પી.જી.વી.સી.એલ. દ્વારા જે તે સમયે જુલાઈ ૨૦૧૨ થી નવેમ્બર ૨૦૧૫ સુધીના ૦૫ હો.પા. લોડ તફાવતની રકમ ગ્રાહકના ખાતામાં ડેબીટ ન કરવાના કારણે તેમના ખાતામાં રૂ.૧૫૦૧૩.૦૨ જમા આવેલ હતા. જેના કારણે ગ્રાહકને માહે જુલાઈ-૨૦૧૬ થી માહે ઓક્ટોબર-૨૦૧૭ સુધી સદર રકમ બીલમાં જમા હોવાના કારણે ભરપાઈ કરવાની જરૂર પડી ન હતી આમ સદર ગ્રાહક દ્વારા ૧૬ માસ સુધી વીજબીલ ભરવામાં આવેલ ન હતું.

૩.૭ અરજદાર દ્વારા માહે ડીસેમ્બર-૨૦૧૮ માં તા.૨૯.૦૧.૨૦૧૮ ના રોજ રૂ.૨૮૦૦.૦૦ ભરવામાં આવેલ હતા. ત્યારબાદ વર્ષ ૨૦૨૦ માં આવેલ વર્તુળ કચેરીની ઓડીટ ટીમ દ્વારા સદર લોડ તફાવતની બાકી રકમ જાવક પત્ર નં.**MCO/AUDIT REPORT/SARA S.Dn/4638 Dt.**03.10.2020 ના પારા નં **A1**-1.1 ના સીરીયલ નં ૯૬ મુજબ રૂપિયા ૧૩૪૫૮.૪૦ શોર્ટ બીલીંગ પેટે બતાવેલ હોઈ સબ ડીવીજન દ્વારા સદર ગ્રાહકના ખાતે ઓડીટ રીકવરીની રકમ તારીખ ૦૬.૧૧.૨૦૨૦ ના રોજ ઉધારવામાં આવેલ હતી જે આજ દિવસ સુધી ગ્રાહક દ્વારા ભરવામાં આવેલ નથી.

૩.૮ અરજદાર દ્વારા આગળ ફરિયાદ કરવા ૧૦ દિવસનો સમય માંગવામાં આવેલ. ગ્રાહકશ્રીની રજૂઆત અન્વયે પેટા વિભાગીય કચેરી દ્વારા તેમને ૧૦ દિવસનો સમય આપેલ હતો છતાં પણ સદર બીલની રકમ ભરપાઈ ન થતા તા.૧૭.૦૭.૨૦૨૧ ના રોજ તેઓના વીજકનેક્શનની સર્વિસ ઉતારી વીજપુરવઠો બંધ કરેલ હતો.
વધુમાં તા.૧૮.૦૭.૨૦૨૧ ને રવિવારના રોજ નાયબ ઈજનેર ના મોબાઈલમાં ફોન કરી ખોટી રીતે માથાકૂટ કરેલકે તમારી નોકરીનું ધ્યાન રાખજો મારે તેના પર ના જવુ પડે તેમ કહી માથાકુટ કરેલ હતી પેટા વિભાગીય કચેરી દ્વારા કંપનીના નિયમો અનુસાર ૩૪૫ ની નોટીસ નં ૩૧૫૪ તા.૧૯.૦૭.૨૦૨૧ ના રોજ મોકલવામાં આવેલ છે.

૩.૯ વધુમાં સદર બાબતે જણાવવાનું કે અરજદારશ્રી દ્વારા માહે જૂન-જુલાઇ ૨૦૧૬ માં ભરપાઈ કરવામાં આવેલ માહે જુલાઈ ૨૦૧૨ થી માહે નવેમ્બર ૨૦૧૫ સુધીના સમયગાળા માટે ૧૦ હો.પા. +૦૫ હો.પા. =૧૫ હો.પા. ના એનર્જીબીલના તફાવતની રકમ રૂ.૧૩૪૫૮.૪૦ પેટા વિભાગીય કચેરી દ્વારા જે તે સમયે ડેબીટ ન કરવામાં આવેલ હોવાથી સદર રકમ ગ્રાહકને જુલાઈ-૨૦૧૬ થી માહે ઓક્ટોબર-૨૦૧૭ ના એનર્જીબીલ સામે મજરે મળેલ જેથી વર્તુળ કચેરીની ઓડીટ ટીમના પારા મુજબ સદર ગ્રાહકના ખાતે કોઈ દંડ કે પુરવણી બીલ નહી પરંતુ ઉધારવામાં આવેલ લોડ તફાવતની રકમ ખરેખર ભરવા પાત્ર બાકી લેણાની રીકવરી હોવાથી પેટા વિભાગીય કચેરી દ્વારા કંપનીના નિયમ અનુસાર સઘળી કાર્યવાહી કરવામાં આવેલ છે,

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ હળવદ વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતા સરા પેટા વિભાગીય કચેરીના અરજદારશ્રી દાનાભાઈ કાળાભાઈ (ગ્રાહક નં ૭૨૮૪૫/૦૧૦૧૫/૦) ને નવા રાયસંગપર ગામે તેના સીમ સર્વેમાં પિયત કરવા માટે ૧૦ હો.પા.નુ **A-1** ટેરીફનુ ખેતીવાડી વીજજોડાણ તારીખ ૩૦.૦૩.૧૯૯૨ ના રોજ કંપની દ્વારા આપવામાં આવેલ હતુ.

ત્યારબાદ સદર વીજકનેક્શનમાં ગ્રાહક ની અરજી તા.૦૨.૧૧.૨૦૧૦ રોજ ૧૦ હોપા + ૫ હોપા = ૧૫ હોપાનો લોડ વધારો અરજી કરી કરાવેલ હતો.

૪.૨ સીસ્ટમ એરરના કોઈ કારણસર માહે જુલાઈ ૨૦૧૨ માં અરજદારનો કરારિત વીજભાર ૧૫ હોપાને બદલે ૧૦ હોપા થઇ ગયેલ હતો જે બાબતથી સામેવાળાના ઓફીસ કર્મચારી અજાણ હતા.

૪.૩ અરજદારના વીજસ્થાપનમાં ચેકીગ શીટ નં **MRCH** ૯૪૦૬ તા.૦૩.૧૦.૨૦૧૫ રોજ થયેલ વીજચેકિંગ દરમ્યાન ૨૦ હો.પા.નો વપરાશ માલુમ પડેલ હતો. જે સમયે સદર કનેક્શન દાનાભાઈ કાળાભાઈ ના નામે હતું. જે તે સમયે તેમના દ્વારા ચેકિંગ અધિકારીને તેઓએ આ વીજકનેક્શનમાં ૫ હો.પા. નો લોડ વધારો માંગી ૧૫ હો.પા. કરાવેલ હોવાની રજૂઆત અન્વયે સદર બાબતની જાણ થયેલ હતી. ચેકિંગ અધિકારી દ્વારા જેની ઓફીસ રેકોર્ડ સાથે ખરાઈ કરી ૧૫ હોપા + ૫ હોપા =૨૦ હોપાની લોડ વધારાની ભરેલ હતી. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. દ્વારા રેકર્ડ ખરાઈ કરીને અરજદારને વધારાના ૦૫ હો.પા.નું લોડ વધારાનું રૂ.૨૪૦૦૦.૦૦ નુ પૂરવણીબીલ અરજદારના બિલીંગ ખાતામાં તા.૨૧-૧૧-૧૫ થી ટ્રાન્ઝેકશન કોડ ૩૬૩૬૦૬૯ થી ડેબીટ કરાયેલ છે. તેમજ સદર બીલની જાણ અરજદારને તા.૦૨-૧૨-૧૫ થી કરવામાં આવેલ છે.

૪.૪ અરજદારના કરારિત વીજભારની વિસંગતતા ધ્યાને આવતા સામેવાળા દ્વારા તા.૨૨-૦૧-૨૦૧૬ થી બિલીંગ સીસ્ટમમાં ૧૦ હો.પા. ને બદલે ૧૫ હો.પા. કરવામાં આવેલ.

૪.૫ અરજદાર દ્વારા માહે જુલાઈ-૨૦૧૨ થી માહે નવેમ્બર-૨૦૧૫ સુધીના સમયગાળા માટે ૧૦ હો.પા. + ૦૫ હો.પા. =૧૫ હો.પા. તફાવતના એનર્જીબીલની રીકવરી પેટે રૂ.૧૩૪૫૮.૪૦ તેમજ બાકી બીલ પેટે રૂ.૬૧૪૧.૬૦ એમ કુલ રૂ.૪૩૬૦૦.૦૦ રૂપિયા ભરવા જણાવેલ હતું. ગ્રાહક દ્વારા તા.૨૭.૦૬.૨૦૧૬ના રોજ રૂ.૪૬૦૦.૦૦ તેમજ તા.૩૦.૦૬.૨૦૧૬ ના રોજ રૂ.૩૦૦૦૦.૦૦ અને તા.૦૫.૦૭.૨૦૧૬ ના રોજ રૂ.૯૦૦૦.૦૦ એમ કુલ રૂ. ૪૩૬૦૦.૦૦ ભરવામાં આવેલ હતા.

૪.૬ પી.જી.વી.સી.એલ. દ્વારા જે તે સમયે જુલાઈ ૨૦૧૨ થી નવેમ્બર ૨૦૧૫ સુધીના ૦૫ હો.પા. લોડ તફાવતની રકમ ગ્રાહકના ખાતામાં ડેબીટ ન કરવાના કારણે માહે એપ્રિલ-મે-૧૬ માં અરજદારના ખાતામાં રૂ.૧૫૦૧૩.૦૨ જમા આવેલ હતા. જેના કારણે ગ્રાહકને માહે જુલાઈ-૨૦૧૬ થી માહે ઓક્ટોબર-૨૦૧૭ સુધી સદર રકમ બીલમાં જમા હોવાના કારણે ભરપાઈ કરવાની જરૂર પડી ન હતી આમ સદર ગ્રાહક દ્વારા ૧૬ માસ સુધી વીજબીલ ભરવામાં આવેલ ન હતું. ત્યારબાદ માહે ડીસેમ્બર-૨૦૧૮ માં તા.૨૯.૦૧.૨૦૧૮ ના રોજ રૂ.૨૮૦૦.૦૦ ગ્રાહક દ્વારા ભરવામાં આવેલ હતા.

૪.૭ માહે ડીસેમ્બર-૨૦૧૮માં શ્રી દાનાભાઈ કાળાભાઈ માંથી અરજદારશ્રી હમીરભાઈ કલાભાઈ હરીજન ના નામે નામ બદલી કરવામાં આવેલ છે.

૪.૮ ત્યારબાદ વર્ષ ૨૦૨૦ માં આવેલ વર્તુળ કચેરીની ઓડીટ ટીમ દ્વારા સદર લોડ તફાવતની બાકી રકમ જાવક પત્ર નં.**MCO/AUDIT REPORT/SARA S.Dn/4638 Dt.**03.10.2020 ના પારા નં **A1**-1.1 ના સીરીયલ નં ૯૬ મુજબ રૂપિયા ૧૩૪૫૮.૪૦ શોર્ટ બીલીંગ પેટે બતાવેલ હોઈ સબ ડીવીજન દ્વારા સદર ગ્રાહકના ખાતે ઓડીટ રીકવરીની રકમ તારીખ ૦૬.૧૧.૨૦૨૦ ના રોજ ઉધારવામાં આવેલ હતી. જેથી વીજબીલ માહે ઓગષ્ટ-સપ્ટેમ્બર-૨૦ ના બીલમાં ભરપાઈ કરેલ રકમ બાદ કરતા રૂ.૧૨,૧૫૩.૩૯ ભરપાઈ કરવાના બાકી છે.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં – ૪.૬ મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – જે તે સમયે વીજભારના તફાવતને કારણે બીલની રકમ અરજદારના બિલીંગ ખાતામાં ડેબીટ કરાયેલ હોત તો, સદર તકરાર ઉભી થાત નહિ. આમ, સદર બાબત ગંભીર બાબત હોય, સદર બેદરકારી બદલ - જવાબદાર અધિકારી / કર્મચારીઓ સામે કંપનીના નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરવી. તેમજ અરજદારને સદર રકમ નિયમાધીન ભરપાઈ કરવાની થતી હોય, અરજદાર ની રજૂઆત મુજબ તેઓને સદર રકમ વધારે લાગતી હોય, સદર બાકી રકમ માટે વ્યાજ વગરના સમાન ૦૪ (ચાર) માસિક હપ્તા ફોરમ દ્વારા સંજોગોને ધ્યાને લઇને કરી આપવામાં આવે છે. આ વ્યાજ વગરના સમાન ૦૪ (ચાર) માસિક હપ્તા અરજદારે તા.૩૦-૦૯-૨૧ તા.૩૧-૧૦-૨૧ તા.૩૦-૧૧-૨૧ અને તા.૩૧-૧૨-૨૧ પહેલા ભરપાઈ કરવાના રહેશે, અરજદાર દ્વારા ઉપર મુજબ હપ્તાની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો, પીજીવીસીએલ દ્વારા નિયમ મુજબ વ્યાજ વસુલ કરવાનું રહેશે.

૫.૦ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૯ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૫.૧ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯